સદેવંત સાવળીંગાનો ગાયન રૂપી નાટક.

રચનાર,
ઠા૦ દામોદર રતનસી સોમાણી.

દોહરો.

તત્વજ છે ચૈતન્યનું, જગતનુ પોષણ પ્રેમ;
ભુમી સ્વર્ગ સમતે કરે, જો ઉર વિવેક નેમ.

મુંબઈ:
ઓરિયન્ટલ છાપખાનામાં છાપ્યું.
સંવત ૧૯૩૯. સને ૧૮૮૨.
કિંમત દોઢ આનો.

સારી ચાય, સસ્તી

ચીનાઈ.

કિંમ્મત રતલના	રૂ.	આ.
ફ્લાવર પીકુ નંબર ૧	૨	૦
ફ્લાવર પીકુ ,, ૨	૧	૮
સુ[illegible]ન રોઝ પોચાંગ	૧	૪
લમશાની ચાય નંબર ૧	૧	૪
લમશાની ચાય ,, ૨	૦	૧૪
સુપરફાઇન પોચાંગ	૧	૦
ફ્લાવરી આરેંજ પીકુ	૧	૦
ફેમીલી મીક્સચર	૦	૧૪
ફાઇનેસ્ટ સેન્ટેડ આરંજ પીકુ	૦	૧૨
ઇમ્પીરિયલ કેસો કોંગો	૦	૧૨
સોચાંગ	૦	૧૨
કેસો કોંગો...	૦	૧૦
બેસ્ટ કોંગો	૦	૯

હીંદુસ્થાની ચાહ.

કાંગ્રાવેલી ફ્લાવરી આરેંજ પીકુ	૧	૮
કાંગ્રાવેલી એક્સ્ટ્રા ફાઇન આરેંજ પીકુ	૧	૪
કાંગ્રાવેલી એક્સ્ટ્રા ફાઇન પીકુ	•	
આયના એન્ડ ઇન્ડિયન બેસ્ટ ક્વાલીટી દામોદર મીક્સચર		
રાયલ ફેમેલી મીક્સચર		
કાંગ્રાવેલી પીકુ સોચાંગ		
કાંગ્રાવલી સોચાંગ		

सदेवंत सावळींगानो गायनरुपी नाटक.

નાટક પાત્ર.

સદેવંત................કનકાપુરીનો રાજા.
સાવળીંગા...............કનકાપુરીના નગરશેઠની પુત્રી.
ભાભી...................સાવળીંગાની.
વીરમદે.................પારાસુર ગામનો રાજા.
રૂપાસા...................પારાસુર ગામનો નગરશેઠ.

(જોગી, મેહેતાજી, છોકરાઓ, દરબારીઓ, સીપાઇઓ, દાસ, દાસી, સાહેલીઓ. વગેરે.)

પ્રવેશ ૧ લો.

(સાવળીંગાના મેહેલમાં જવાના રસ્તાપર એક જોગી પ્રવેશ કરે છે.)

જોગી— [નાથ કેસે ગજકો બંધ છુડાયો—એ રાહ.]

પ્રભુ તોરે નામકી લેહે મોહે લાગી, છોડ દુનીયા ભયા હું મેં ત્યાગી-ટેક.
માત પીતા સુત બંધવ હમ્એ સબ, માયા કે અનુરાગી;
છોડ દીઓ હે પ્રપંચ એ મનસે, ભક્તિ લેત તોરી માગી.—પ્રભુ.
ગલી ગલી જાત હું અલેક જગાવન, ભીક્ષા દેત સુભાગી;
સો ભીક્ષા હમ દેત ગુરૂકું, જો સિદ્ધ હે બડે ત્યાગી.—પ્રભુ.

(મેહેલના દ્વાર પાસે આવી ભીક્ષા માગે છે.)

સાવલીંગા—(બારીમાંથી.)

[આજ કહાન મોહે સોનો બાંસરી બજાઇ—એ રાહ.]

જલદી લે બાવાજી લોટ આપું તને પ્રીતથી;
આપું તને પ્રીતથી કે કુળ મારાની રીતથી.—ટેક.
મુખ મારૂં આજ સુધી કોઇએ દીઠું નથી,
તે મુખ હું ધર્મ અર્થે ફેંકતી નકી નથી.—જલદી.

(જોગી સામું જોય છે; જોગી મુરછીત થઇ પડે છે.)

ભાભી—(આવીને)

[ન કર કસદ અયે દેલ બેદાદકા—એ રાહ.]

અરે નણદી આ શું કીધું બુરૂં કામ?
જીવતો 'તો હમણાં થયું કેમ આમ?
રહી ઘર પીતાને શું હત્યા કરે?
પલમાં સજીવ એ શી રીતે મરે?

સાવલીંગા—મેરે માર્યો હોય તો હું મરૂં;
મુવો એ આપે તેને હું શું કરૂં?
બુરી ભાભી આવું શું બોલે કરૂર;
જોઇ આંખ ફાટી મુવો એ જરૂર.

(જોગીના મોં ઉપર પાણી છાંટે છે, એટલે તે હુશીયાર થાય છે.)

સાવલીંગા— [તુજે હૈ શોખ મીલનેકા—એ રાહ.]

અરે બાવા તું લે ભીક્ષા, લેઇને માર્ગે તારે જા;
શરમ નહી તુજને થાયે, થઇ બાવો ને મોહાયે.

જોગી—ભીક્ષા મેં માંગતા એસી, નહી ખુબ સુર્તી તુજ જેસી;
કહ્યા જોગીકા ઇતના માન, તેરે જોબનકા દે મોય દાન!

સાવલીંગા—પીટ્યા એવું તું શું બોલે, બોલતાં બોલ નહીં તોલે;
કહીશ જો બાપને મારા, બુરા થશે હાલ તો તારા,
જોગી— બાત નહી સુનતી મેરી, ફજેતી મેં કરૂં તેરી;
સદેવંતકું ચેતાવું જાય, જુલમસેં ઓ કરેગા બ્યાય.
(જાય છે.)

પ્રવેશ ૨ જો. (એક રસ્તો.)

(સદેવંત ને જોગી દાખલ થાયછે, જોગી ગુસ્સામાંજ માલમ પડે છે.)

સદેવંત—(જોગીને) [જમેસ્તાનમે કુચ એસા બોલતા હમે ગુલ—એ રાહ.]

અરે બાવાજી તું ફરે કેમ ઉદાસ?
મારા રાજમાં કોણે કીધો નીરાશ?
બોલ જલદી કહે કોણે દીધું રે દુઃખ?
થયું કેમ જોગીનું નિસ્તેજ મુખ?

જોગી— [અરે લાલદેવ ઇસ તરફ જલ્દ આ—એ રાહ.]

ગયા ભીક્ષાકું નગ્ર મેં આપકા;
વાં દેખા મેને એક દુજા ચંદ્રમાં;
મૃગ લોચની થી ખડી કામની;
ન ભુતલમે એશી મીલે ભામની.
ન પની એસી તેરે રંગ મેહેલમે;
સચી અપ્સરા આઇ ઓ સ્વર્ગસે!
ખુબી ઉનકી મુખસે એ કેસે કહે!
અરે કોન ઉનકે નયનશર સહે!
ગયા થા મેં ભીક્ષાકુ આજ ઉનકી પાસ;

સુંદર દેખકે મુખ હુવા મેં નીરાશ.
નગર શેઠકી લડકી એો સાવલીંગા;
સફલ કર તેરા જન્મ મિલ ઉન્કુ જા.

(જોગી જાય છે.)

સદેવંત— [બોહોત તેરા ચમકતા ઐસા મુખ—એ રાહ.]

પ્યારી નામ સાંભળી થયો છું ઉદાસ.—ટેક.
દીઠા વીના તુજને એો પ્યારી, પામ્યો છું મોહ પાશ.—પ્યારી.
શોધ કરી વેગે મળવું તુજને, ન મળે થાઊં નીરાશ.—પ્યારી.
અદીઠ પ્રીયાએ કાળજું કોર્યું, શોધું હું તેનો અવાસ.—પ્યારી.

(જાય છે.)

પ્રવેશ ૩જો. (માતાના મંદીર આગળ ચોક.)

(સાવલીંગા સાહેલીઓ સાથે આવી ગરબો ગાય છે, ને
સદેવંત ગુપ્ત આવી સાંભળે છે.)

સાવલીંગા— **ગરબો.**

[જાનો ભુધર રંગ ભરેલા, અથવા રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે—એ રાહ.]

આવો બેની ગીત ગાઇયે પ્રીતેરે, અતી આનંદ ઉપજે એ રીતે.-આ.
શુભ ઓછવનો દીન આજેરે; તેથી વાજીંત્ર રૂડાં વાજેરે;
જયમ ગગનમાં મેઘજ ગાજે.—આવો બેની.
આપો તાલી અતી ઉમંગેરે; જેથી રાગ ચડે પુર રંગેરે;
તો આનંદ માશે ન અંગે.—આવો બેની.
પગ મુકી તાલથી ચાલોરે; પુર રાગના રંગમાં મહાલોરે;
મૃગ પેરે ફરી લીયો ઢાળો.—આવો બેની. (સાહેલીઓ જાય છે.)

સદેવંત—(સાવલીંગાને અટકાવીને.)

(અરે઼ોમે તેરે કોહેગમ—એ રાહ.)

પટ ઘુંઘટનો ખોલ તું; ઘુંઘટડે મુજ મન વસ્યું,
ચંદ્રવદની ખોલ તું નેત્ર કટાક્ષે મન ફસ્યું—ટેક.
વરણવ તારો સાંભળી ઘાયલ મન થયું તહીં,
રખડી થાક્યો શેહેરમાં જોઇ પ્રીયાને મન હસ્યું.—પટ ઘુંઘટ.

સાવલીંગા— [ક્યા બોહોત દીનસે અગે સનમ—એ રાહ.]

કેમ ખોલું પ્રીતમ ઘુંઘટો, કેટલાક ઘુંઘટે ખુવાર થ્યાં,
ખોઇ સુદ્ધબુદ્ધ શરીરની મુજ નેત્ર હાલ હવાલ થ્યાં—ટેક.
હું રંક જાત વણીકની, તમે કુંવર મોટા રાજના,
શું લાભ ખોલે ઘુંઘટો, મુજ મુખ જોય સાંજના.—કેમ.

સદેવંત—વચન આપું તુજને તુજવિના કો પરણું નહીં,
જો ના કહીશ તું મુજને તો કટાર ખાઇ મરૂં અહીં.

સાવ.—અકળાઇને તમે એટલા નહી થાઓ વશ બહુ રીસને,
કુરબાન તુજપરથી કરૂં કંઇ વણીક લાખ દસ વીસને-કેમ.
ઉમેદ હોય જો તુજને વરવા તણી મને વાલમાં,
ફરી બેસ ભણવા સાથ મારી આવીને નિશાળમાં.—કેમ.

સદેવંત— [બેદાદ મુજે યાદ હૈ વલ્લાહ તુમારી—એ રાહ.]

સુંદરી થાયો આધીન મરજીને તારી;
અનેક સંકટ સહીને પણ કરીશ તને મારી.—ટેક.
પિતા જો મારો કે તારો લગ્નમાં નાખે વીઘન;
હજારો વીઘન વીતે પણ ન મુકું વીસારી.—સુંદરી.

સાવલીંગા— [કલ્યાણ રાગની સાખી.]

પ્રીતમ તારી પ્રીત ન વરણી જાય,
લગ્ન આપણાં ગુપ્ત રીતે બને એવો કરવો ઉપાય.—ટેક.
નિશાળે પંડયા તણી, કરીએ છાના લગન.
મોજ કરો મન માનતી, પછી થઇને મગન.—પ્રીતમ.
વખત થયો મુજને ઘણો, તેથી જાઉં હું હાલ,
વાલમ વેહેલા આવજો પ્રીતેથી નિશાળ.—પ્રીતમ.

સદેવંત—પ્યારી ઇચ્છા તુજતણી, પૂરણ કરવા કાજ,
બેશીશ હું નિશાળમાં, છોડી પાટ ને રાજ.—પ્રીતમ.

પ્રવેશ ૪ થો. (એક નિશાળ.)

(છોકરાઓ નિશાળમાં બેઠેલા દેખાય છે, કેટલાક રમે છે, કેટલાક વાંચે છે, એવામાં સાવલીંગા પ્રવેશ કરે છે.)

સાવલીંગા—(સ્વગત) રાગ સોરઠ.

[મારૂજી ચાંદનો રાત—એ રાહ.]

પ્રીતમજી કેમ લાગી બહુ વાર, આવને વેગે હૈયાના હાર.—ટેક.
આપે કહ્યું તું પ્રીતે એવું મુજને, "પ્યારી વેહેલી આવજે નિશાળ" પ્રી.
આપવિના આવી ઉભીછું એકલી કરૂં જેમ બપૈયો પોકાર.—પ્રી.
જળવિના જેમ મચ્છ ન જીવે, તેમ તુજવિના હું આ વાર.—પ્રી.

[મોહનરસીયા આવે બગોયામે—એ રાહ.]

પ્રીતમવિના કેવી શોભે પ્યારી, ચંદ્રવિના જેવી રાતડલી.—ટેક.
નેહ લગાડી પેહેલાં પ્રીતની, પછે ન કરવી ઘાતડલી.—પ્રીતમ.

હું તો જીવું છું આપ આધારે, તજીને મારી જાતડલી.—પ્રીતમ.
માટે રસીલા આવીને જલદી, પાળ તું તારી વાતડલી.—પ્રીતમ.

(છોકરાઓ ગાય છે.)

[કંગનવા મોરા કરશો રંક ગયોરે—એ રાહ.]

બધા સાથે—છોકરાઓ આવો છાપ કાટ રમીએ આજેરે.
૧ છોકરો—મેહેતાજી ગયા છે બાહારે.
૨ છોકરો—બહુ મજા પડશે ત્યારે.
બધા સાથે—છોકરાઓ આવો છાપ કાટ રમીએ આજેરે.
વડો નિશાળીઓ—મેહેતાજી જો આવેરે, સોટીથી ફટકાવેરે.
૧ છોકરો—બહીકણનો તું છે કાકો,
૨ છોકરો—નહીં અમ જેવો તું પાકો.
૧ તથા ૨ છોકરો—ઘીસો એને ઓડ આડી દમવા કાજેરે. છો.

(વડાને મારે છે.)

૩ તથા ૪ છોકરો—(વચમાં પડીને.)—બસ બસ માર્યો છે બહુરે,
૧ છોકરો—ઠીકજ એ થયું સહુરે.
વડો નિશાળીઓ—મેહેતાજીને સંધું કહીશ,
૨ છોકરો—તો શીક્ષા તુજને દઈશ. (મેહેતાજી પ્રવેશ કરેછે.)
મેહેતાજી—માટે સોટીની સખ્ત તુજને શીક્ષા છાજેરે.—છો.

મેહેતાજી— (ઇન્દ્રસભાનો રાગ.)

ઉઠોને છોકરાઓ જલદી આળશુ ન થાઓ,
શીખ્યા હોય જે કાલનો તે પાઠ કરી જાઓ.

છોકરા— એકડે એક મેહેતાજીની ટેક દોડીયા ઉપર સાચી
ન આપે તો કાચી.

મેહેતાજી—મુઢ્યો તું આ વાર, સોટી મારૂં હું બે ચાર, (મારે છે.)
વડા નિશાળીઆ બોલ તને, કેમ લાગી બહુ વાર.

છોકરાઓ—સાંભળો મેહેતાજી તમને, કહું છું સાચી વાત,
તેડવા ગયો તો આ છોકરાને મારી મુજને લાત.

મેહેતાજી—બોલ લુચ્યા છોકરા તેં કેમ મારી એને લાત,
પગ અંગુઠા પકડીને ઉભો 'રે મીનીટ સાત.

છોકરો—દાદી મારી મરી ગઇ તેથી ગયો મશાણ,
ગોટી રમતાં એને દીઠો એ ચાડીઆને જાણ.

મેહેતાજી—નિશાળ તુજને સોંપીને ગયો તો હું બહાર,
પછવાડેથી મસ્તી કીધી, ઉઠ બેસ કર હજાર,

છોકરો—મરી ગયો મેહેતાજી ઉઠ બેસ કરી હજાર;
માટે હવે રજા આપો લગાડો ન વાર.

(સદેવંત પ્રવેશ કરે છે.

સદેવંત—(સ્વગત)

[ગરહુમને દીલ સનમકું દીયા—એ રાહ.]

સત્વર આવી બેઠી છે ત્યાં સુંદર મુજ પ્રિયા,
આવ્યું તે વચન પાળી કરવા લગ્નની ક્રિયા.—ટેક.
ગુરૂને મેં મોકલ્યો છે સામગ્રી લેવા,
ગાંધર્વ લગ્ન કરવાં છે, આજે નિશાળમાં.—સત્વર.
કાર્ય મારૂં પુરૂં કરવા કરૂં એક ઉપાય.
યુક્તિએ કાહાડું સર્વને, એકે ન રહે ત્યાં.—સત્વર.

સદેવંત—(મેહેતાજીને). રાગ હોરી.

[ફાગનકે દીન ચાર સખોરી—એ રાહ.]

આજ સીધું દેવાને કાજ, ગુરૂજી માતાએ મારી બોલાવ્યાછે પ્રીતે.ટેક.

વ્રત ચાંદ્રાયેણ ઉજવ્યું તેથી, ઘોડો દેવો સહિત સાજ.—ગુરૂજી.
વેગે મોકલજો એવું કહ્યું મુજને, માટે પોહોચ્યોને મહારાજ.—ગુ.

મેહેતાજી— [રાત ન સારી આઈ નીંદ—એ રાહ.]

જાઉંછું કુંવરજી હું જલદી તમારે ઘેર,
મસ્તી ન કરે છોકરા સંભાળજો તે પેર. (જાય છે.)

સદેવંત—સાંભળો છોકરાઓ તમને ખુશી કરવા કાજ,
ઇચ્છું એવું મન થકી કે, છુટી આપું આજ.
બ્હીક તમે ન રાખશો, મેહેતાજીની લગાર,
જે કેહેશે એ તમને તેનો, જવાબ હું દેનાર.

(છોકરાઓ જાય છે.)

સાવલીંગા— (સદેવંતની પાસે આવીને.)

[શાદીએ જુલવએ ગુલફામ મુબારક હોવે—એ રાહ.]

હતી ઉમેદ મન વિષે, તે પુરી કીધી ઇશ્વરે,
દરશન વિના પ્રીતમ તારા, દિલડું તો ઝુરી મરે.—ટેક.
અંતરમાં છે તલખના સદેવંત તારા નામની,
પરણું સાથે તારી જો, હઇડું મારૂ તો ઠરે.—હતી.
વાલમ તમે કહ્યું હતું, હું તેડી લાવીશ ગોરને,
કરશું લગ્ન નિશાળમાં, ધરી પ્રેમ અંતરે.—હતી.
હજી ન ગોર આવીઓ, વખ્ત નિકળી ગયો ઘણો,
આવી કોઇ દેખશે, તો અર્થ એક નહીં સરે.—હતી.

સદેવંત—ધીરજ તું ધર મનમાં જરા, ગોર હમણા આવશે,
વીધી ગાંધર્વ લગ્નની, પરણાવશે જલદી ખરે.—હતી.

(એક કાણીઓ નિશાળીઓ પ્રવેશ કરે છે.)

સાવલીંગા—કાંણીઓ આવે છે લુચ્ચા, વાત કરશે ગુરૂ કને;
ચેતે પિતા જો માહેરા, તો લગ્નમાં વિઘ્ન પડે.—હતી.

(સદેવંત કાણીઆને મારે છે; કાંણીઓ નાસી જાય છે; સદેવંત તેની પાછળ જાય છે; સાવલીંગા નિરાશ થઇ પોતાના ઘેર જાય છે.)

પ્રવેશ ૫ મો. (સદેવંતનો મેહેલ.)

સદેવંત—(ઉદાસ થઇને), બેત.

ઓ દેવ! ઓ દેવ! શું કહું તુજને,
શું પ્રિયા વિયોગે રખડાવીશ મુજને.
મુજને દુખી કરવા શું માંડ્યો છે ઇલાજ,
ત્યારે બોલ, તેં શા માટે આપ્યું મોટું રાજ.
એવો અપરાધ મેં શો કીધો તારો,
પાડેછ વછોયો મુજ પ્રીયાથી મારો.
ખરા અંતઃકરણથી હું ચાહું છું જેને,
બ્હીકણ વાણીઆઓ શું લઇ જશે તેને.
ઓ દયાળુ દાતાર આ કેવો તારો ન્યાય,
કરતાં દુખી અમને નથી આવતી દયા.
કાલેજ પરણનાર હતી સાથે મારી,
તેને શું પરણશે કંજુશ વેપારી.
સાવલીંગા, સાવલીંગા, તુજવિના ફરવું.
હજાર ઘણું સારૂં છે તેથી મરવું.

(એક દાસ કાગળ આપી જાય છે.)

શું હશે એમાં ? કેમ લાવી હાં ?

શું મુજ પ્રિયાની લખેલી આ પ્રેમ પત્રીકા ?
ઓ ઉમેદ, ઉમેદ, તું બચાવિછ ઉમેદ !
વાંચું આ કાગળ કે નામું કાંઈ ભેદ. (વાંચે છે.)

રાગ હોરી.

પ્રીતમ વેહેલા આવજો રાતે, માતાને મંદીર સાર.—ટેક.
આપ વિયોગે ઝુરી હું મરૂં છું, નહી કોઈ બચાવનાર;
તેથી અરજ સુણી તું દાસીની, મળવાને થાજે તયાર.—પ્રીતમ.
મુજ પિતાને જાહેર થયું સર્વે, ખીના બની જે નીશાળ;
કાંણીએ કાળ મુએ કહી દીધું, વીતી આપણી સાર.—પ્રીતમ.
સંધ્યાકાળે સાથે લેઈને સામગ્રી, ગાંધર્વ લગનની સાર;
ફેરા ફરી લેશું આપણે એકલા, પછે ન ચિંતા લગાર.—પ્રીતમ.
(વાંચ્યા પછી.)

[શુદ્ધ લાગ રહી તોરે આઠ પહર—એ રાહ,]

તુજ કારણ હું પ્રીય આવું તહીં.
ફરૂં જોગી થઈ જો મળે તું નહીં.—ટેક.
કરી લગ્ન તીઆં આજ આપણનાં,
પછી પાનજ પ્રીતીનું કરવું સહી.—તુજ.
છે ઉમેદ પ્રિયાને જે મળવા તણી,
પ્રભુ પાર ઉતાર તે સહાય થઈ.—તુજ.

પ્રવેશ ૬ ઠો. (ગામનું પાદર.)

(સાવલીંગા માતાની પુજા કરવા જાય છે.)

સાવલીંગા—[હિમકુ છાંડ ચલે બન માધુ.—એ રાહ.]
પ્રીતમજીને મારે મળવાને જાવું, મન આનંદિત કરવાનેરે.—ટેક.

ઘણારે દિવસના નેત્ર વિયોગીને, દરશનનું પાપ કરવાને રે;
મનરે મોહનથી મારાં લગ્નરે આજે. હેતેથી આદરવાને રે.—પ્રીત.
સહાય પ્રભુ આજ કરજે અમારી, અદકાં વીઘન નડે અમને રે;
તેથી તું તારીને આજે દયાળુ, અર્થ દેજે અમ સરવોને રે.—પ્રીત.
માત પિતા થયા વેરી અમારાં, લગ્ન ખુશીથી ન કરવા દિયે રે;
પોતાને ગમે તેની સાથે પરણાવે, જન્મસુધી નાખે દુઃખ દરિયે રે-પ્રી.
લાભ ન જુવે પુત્ર કે પુત્રીનો, નામ ને પૈસામાં જઇને મરે રે;
બુઢો, કાણો, હોય લુલો કે લંગડો, ખીસાં પોતાનાં ભરવાને રે.-પ્રીત.
તેવી વિપત આવી પડી મુજ ઉપરે, અણગમતાથી વરવાને રે;
મુજ મન માન્યું સદેવંત સાથે, લગ્ન હેતેથી કરવાના રે.—પ્રીતમજી.
તેથી મેં નિશ્ચે કીધો મરવાનો, દાસીએ ન દીધી મરવાને રે;
મુજરે વેશ રૂપાશાને તે પરણી, સુખણી મુજને કરવાને રે.—પ્રીત.

(જાય છે.)

પ્રવેશ ૭ મો. (માતાનું મંદીર.)

(સદેવંત આવી ઘુંટણભર બેસીને માતાની પ્રાર્થના કરે છે.)

સદેવંત—[ગુલ ચમનમે બીછુ છુપા બડા ઝેરી હયે—એ રાહ.]

કરી પ્રાર્થના માગું તુજ પાસ માતાજી આજે;
થાય મુજ પ્રિયાથી મેલાપ સહાય તું થાજે.
સહ્યું ઘણા દિવસથી દુઃખ વિયોગનું ભારી;
બળી છાતી થઇ છે રાખ કામજ્વરે કારી.
કરીએ તૈયારી કરવા જ્યારે લગ્ન;
અણચિંતવ્યું તેમાંહી આવી પડે વિઘ્ન.

તેથી મેહેર કરી, ઓ માત પૂર હવે આશા,
જશે હવે તો જીવ થાય જો નિરાશા.

(અંદરથી દરવાજો બંધ કરી સુઈ જાય છે. સાવલીંગા પ્રવેશ કરી મંદિરના દ્વાર ઠોકે છે, પણ કોઇ જવાબ આપતું નથી એટલે.)

સાવલીંગા—[મોહોલે પધારો મહારાજ માણીગર મોહોલે પધારો.—એ રાહ.]

વેહેલા ઉઘાડો ને દ્વાર, સદેવંત વેહેલા ઉઘાડો,
એકલી બીહું છું હું બહાર, સદેવંત વેહેલા ઉઘાડો;
માટે લગાડો ન વાર, સદેવંત વેહેલા ઉઘાડો.—ટેક.
છે મનથી તુંજ મશકરી, જીવજ મારો જાય;
ઉભી રહું ત્યાં એકલી, તેમ તેમ હૃદય ચીરાય.—સદેવંત.
માત, પિતા મેં પર હર્યાં, તજી નાત ને જાત;
તમ અર્થે બની ઘેલડી, આવી માંજમ રાત.—સદેવંત.
હવે હદ થઇ વાલમાં, દરશણ ઝટ દ્યો આપ;
શક્તિ સહન કરવા નથી, તમ વિયોગનો તાપ.—સદેવંત.

(આસપાસ કોઇ નજરે પડતું નથી, તેથી દેવલની ઉપરના ભાગેથી અંદર દાખલ થાય છે. બારણું ઉઘાડી નાખે છે. સદેવંતને નિદ્રાવશ જોઇ તેને જગાડવાની તજવીજ કરેછે; પણ તે જયારે જાગ્યો નહી ત્યારે નિરાશ થઇ સદેવંતનું મસ્તક પોતાના ખોળામાં લઇ, માતાની સ્તુતિ કરે છે.)

સાવલીંગા— **લલીત છંદ.**

અરર અંબીકા માત માહરી, હરખની ભરી આવિતી ખરી,
ક્યમ નિરાશ તેં મુજને કરી, દિનશિશુ દયા ચીત્તના ધરી.
પ્રિતમ ઘોર ઉંઘે અહીં પડયો, પ્રિય વિયોગ તો કર્મમાં જડયો;
જગવતાં નહી જાગતો જરી, દુખણી માવડી શું મને કરી.
(સદેવંતને.)

પ્રિતમ દાસિથી શું રિસાવિઆ ઉદક નેણમાં નાથ આવિઆ,
હૃદય તો બળે છે વિયોગથી, નિરખ દાસિને પ્રીય પ્રેમથી.

[મન લંપટને લાગો રટ્ય નામ નામનો—એ રાહ.]

હું જાણીં તજી પ્યારાં, મુંજ પ્રાણ હ્યાંરે.
મુંજ પ્રાણ હ્યાંરે, મુજ પ્રાણ હ્યાંરે—ટેક.
કાલે જવું જોશે, સાસરે મારે;
તેથી વેગે વાંચી પ્યારા, આવ ત્યાંરે.—હું જાણીં.

(તેની હથેલીમાં કંઇ લખી, નિરાશ થઇને જાય છે. સદેવંત જાગે છે, અને સાવલીંગાને જોઇ નહી એટલે.)

સદેવંત—

બેત.

પ્રિયા, પ્રિયા, તું કેમ આવી નહી,
વ્યોગથી તારા બળી મરૂં હું અહીં.
કેમ ભુલી તું તારૂં આપેલું વચન,
બળી, બળી રાખ થાય છે મારૂં તન.
ક્યાં શોધું, ક્યા દેખું, મુજ મનને જીતનાર;
દેખાવ દે, દેખાવ, નહીં તો મરીશ આ વાર.

(અકસ્માત પોતાના હાથ ઉપર નજર પડે છે.)

અરે! કોણે લખી ભર્યોછ મારો હાથ,
શું પ્રિયાએ આવી કીધોછ વલોપાત? (વાંચે છે.)
"સદેવંત, સદેવંત, તુંજ પાસ આવી હું,
જગાડ્યો ઘણો પણ જાગ્યો નહીં તું
જેવી ઉમેદથી આવી'તી તુજ પાસ,
તેવીજ જતી વખતે થઇ છું નિરાશ.
લગ્ન જે સાથે હતાં મારાં થનાર,

તે સાથે મેં પરણાવી એક દાસી હુશીઆર.
તોપણ જવું જોઇશે સાસરે કાલે,
નાઉમેદ દુઃખી દિલ, બુરે હવાલે.
જોઇશ હું જરૂર એક માસ તારી વાટ,
નહીં આવશે જો તું તો કરીશ આપઘાત."

(વાંચી રહ્યાં પછી જુસ્સામાં.

આ ગાંધી આ ગાંધી, આપી ગોળી કેવી બસ,
માગી મેં જાગરણની, તો કર્યો નિદ્રાવશ.
હા ! ઉમેદ હતી કરવા પ્રિયાથી મુલાકાત,
તેમાંથી પાડી વછોઆ કીધો મારો ઘાત.
આ સાવલીંગા, સાવલીંગા, ન આપું તુજને છેહ;
મેળવીશ તુજને હું, કે પાડીશ મારી દેહ.

(જોગી થઇને તેની શોધમાં જાય છે.)

પ્રવેશ ૮ મો. (જંગલ.)

સદેવંત— (જોગીને વેશે ફરે છે.)

[મત કર માન ગુમાન—એ રાહ.]

પ્રભુ કર મારી સહાય, પ્રીયાવિના દુઃખી ખરો હું—ટેક.
કામરે જ્વરથી બળી હું મરંછું માટે મેળવ મુજ નારરે.—પ્રીયા.
પાપ જો પૂર્વે કીધાં હોય મેં, તેથી તું મુજને ઉગારરે—પ્રીયા.
જંગલે જંગલ ફરી બહુ થાક્યો, કંઇ ન મળ્યા સમાચારરે.—પ્રીયા.

(જવા માંડે છે, પણ તે ઠેકાણે બે રસ્તા જોઇ ઉભો રહે છે; એટલામાં એક મોટા પથ્થરઉપર કંઇ લખેલું નજરે પડે છે, તે વાંચે છે.)

બેત.

''ડાબો માર્ગ છોડી, જમણે આવો સાર,
લખ્યા પ્રમાણે આવવે નિશ્ચે મળશે નાર.
આવશે એજ રસ્તે પારાસુર ગામ,
જ્યાં આવવાથી પુર્ણ થશે તારી હામ.'' (વાંચ્યાં બાદ)
ખચીત, ખચીત, આ અક્ષર સાવલીંગાના છે;
જરૂર, જરૂર જાઉં હવે એજ રસ્તે. (જાયછે.)

પ્રવેશ ૯ મો. (નદીકિનારે પારાસુર ગામનું પાદર.)

(સદેવંતના હાથમાં લખેલું છે તેથી પશુપ્રમાણે નદીમાં મોં બોળીને પાણી પીએ છે, એટલામાં સાવલીંગાની દાસી પાણી ભરવા આવે છે અને સદેવંતને એ પ્રમાણે પાણી પીતો જોઈને.)

દાસી.—(સ્વગત) [અરે લાલદેવ ઇસ તરફ જલદી આ—એ રાહ.]

અરે આ અજબ જેવી દીસે છે વાત,
પીએ પાણી મોઢે ન બોળે એ હાથ;
જઇ પાસ તેને પુછું વાત એ,
શા માટે પાણી પીએ એમ તે.

(સદેવંતને) અરે ! ઓ જોગી તું દિવાનો થયો.
કે પાણી પણ પીતા તું ભૂલી ગયો;
કરીને કૃપા વાત સાચી તું કેહે,
શા માટે તું જોગીને વેશે ફરે ?

સદેવંત—હું પુછું તને ઓ ભલી બાઇ વાત,

સાચે સાચું કહી દે સુંદરી ખરેખાત;
ફરે છે કોની આણ આ નગ્રમાં,
સુખી કે દુઃખી કોણ વસે છે ત્યાં ?

દાસી— [ખલકના રે ખુદા ખાવીંદ—એ રાહ.]

વીરમદે રાજ કરે છે ત્યાં, સર્વમાં દુઃખી સાવલીંગા;
હું દાસી ઘર તણી એના, તેથી જાણું છું એ ખીના.

સદેવંત— અરે બાઇ કરી કૃપા, ખબર કેહે સાવલીંગાને જા;
સદેવંત વેશ જોગીને, કારણ તારેજ આવે છે.

દાસી— ચાલો સાથે તમો મારી, ચિંતા મનથી વીસારી;
મેલાવું સાવલીંગાથી હું, તને જે છે અતી પ્યારી.

(બંને જાય છે.)

પ્રવેશ ૧૦ મો. (સાવલીંનો મેહેલ.)

સાવલીંગા— (ઉદાસ થઇને એકલી.)

[સુધો આણી ફળ જાણો નરનારી ભણોરે—એ રાહ.]

દયા આણી દીલજાની, તમો આવી મળોરે;
પ્રીયા દુઃખી છે તમારી—મળે દયા.
આપ વીયોગે બળી હું મરૂં છું;
તેથી તમો જલદી આવી મને સ્હાય કરોરે.—પ્રીયા દુખી.

[સઇયાં કે ચાત્ર બીન પ્રીતમ પ્યારે—એ રાહ.]

પ્રીતમ વીયોગે ઝુરી મરૂં હું, મળવું મન લલચાવેરે—ટેક.
મધ્ય મધ્ય રાત્રે હું ઝબકી ઉઠું, નયને નીંદ્રા ન આવેરે;

વેરી નેત્ર નથી ભેગા મળતા, સ્વપને પીયુ દરશાવેરે—પ્રી.
ઇશ્વર પાંખ આપે જો મુજને, ફરૂં ન હાલે આવેરે;
પોંહોંચુ પલકમાં પ્રીતમ પાસે, હેતે હૈયે લગાવેરે—પ્રી.

(સદેવંત પ્રવેશ કરે છે અને સાવલીંગાને જોઇ આનંદથી તેણીને ભેટવા જાય છે, એટલામાં રૂપાસા આવી પોહોંચે છે.)

રૂપાસા—(સાવલીંગાને) બેત.

સસુર, આ નીર્લજ, કરેછ શું એ કામ,
પત્ની થઇને મારી, બોળેછ મારૂં નામ.
(સદેવંતને) ધાસ્તી નથી દુષ્ટ, શું કોઇની લગાર?
ચખાડું સ્વાદ તને, જલદી આ વાર,
(સીપાઇઓને) સીપાઇઓ મારા આવો જલદી તમે અહીં,
બાંધી એને (મુસ્કે) જાઓ રાજા પાસ લઇ.

(લઇ જાય છે.)

પ્રવેશ ૧૧ મો. (રાજસભા.)

(વીરમદેરાજા રાજયાસનઉપર બેઠેલો છે. પ્રધાન, વજીર, કોટવાલ વગેરે દરબારીઓ તથા રૂપાસાશેઠ પણ હાજર છે, સીપાઇઓ સદેવંતના હાથમાં બેડી નાંખી તેને કેદી કરીને લઇ આવે છે.)

રૂપાસા—(રાજાને)

[અરે લાલદેવ યે તુને કયા કિયા—એ રાહ.]

અરે રાજાજી હું કરૂં છું પ્રણામ, ખરે એક મોટું આવી પડયું કો
પરણ્યોછુંહું પત્નીએક સાવલીંગા, જતો 'તો તેનાં ઘરમાં જોગીડો આ;

ત્યાં ઘરમાં તે શા માટે ગયો, ઠરે જો અપરાધી તો શીક્ષાજ દ્યો.

વીરમદે રાજા—અરે જોગી તું જલદી કેહે સાચી વાત;
ખોટું કહીશ તો થશે તારો ઘાત.
જરા તારા મનમાં તું બીતો ન લ્યાં;
સાચા તરફનો થશે મારો ન્યાય.

(સદેવંત રાજા વીરમદે આગળ ઘુંટણભર બેસે.)

સદેવંત— [કહું કયા કુલકલા [illegible] એ રાહ.]

કહું શું નસીબે દુખીઓ કીધો છે,
બિન પ્રીયાને વીયોગે લીધો છે.—ટેક.
હતી જે પ્રીયા ગામમાં પાસ મારી,
લાવી એણે મુજને જખમી કીધો છે.—કહું.
હતું જેનું દીલ પર્ણેવા સાથ મારી,
લઇ આવી એણે કીધી દુખીયારી.—કહું.
પીતાએ તેના એમ કહ્યું સાવલીંગાને,
પરણવું જોશે તારે રૂપાસાને.—કહું.
નહી ચાલ્યું કંઇ સાવલીંગાનું ત્યાં જ્યારે,
મરવાનો નીશ્ચયે એણે કીધો ત્યારે.—કહું.
કહ્યું આવીને દાસીએ તેવે ત્યારે,
હું પરણું રૂપાસાને વેશે તમારે.—કહું.
બચાવી રૂડી દાસીએ પ્યારી મારી,
હજી તે મુજ અર્થે રહી છે કુંવારી.—કહું.
કરીને બા મુજપરે સાવલીંગાને,
હવાલે હવે જલદી મારે.—કહું.

રૂપાસા— (ગર હમને દીલ સનમકુ દીયા—એ રાહ.)

સુણો રાજાજી જોગી એ કરે છે ખોટી વાત.—ટેક.
કરે છે ખોટી વાત રાજા, કરે છે ખોટી વાત;
હજારોના દેખતાં પરણ્યો હું, સાવલીંગાની સાથ.—સુણો.
જો મરજી હોય તમારી, કરવાં ખરેખાત;
તેડાવું હું દાસી મારી, કહેશે સાચી વાત.—સુણો.

વીરમદે રાજા.—(સીપાઇને) (અરે લાલદેવ ઇસતરાંકે કલામ.—એ રાહ.)

સીપાઇ તું જલદીથી દોડીને જા,
દાસીને સાવલીંગાની લાવ ત્યાં.
(સદેવંતને) ભલા મરદ તું જલદી કેહે સાચી વાત,
શુર ક્ષત્રી જેવી દીસે તારી જાત.

(સદેવંત રાજાના હાથમાં એક કાગળનો લખોટો આપે છે જે તે વાંચતાંજ તરતજ આનંદમાં આવી સદેવંતને ભેટી પડે છે.)

વીરમદે રાજા—(રૂપાસાને) [ઉપર પ્રમાણે રાહ.]

અરે આ દગાખોર, પાપી, ચંડાલ,
મુજ ભાણેજના કેવા કીધા તેં હાલ.
(પ્રધાનને) શાણા પ્રધાન જલ્દી કરો એક કાજ,
પેહેરાવો સદેવંતને સોનેરી સાજ. (બને જાય છે.)

વીરમદે રાજા—(રૂપાસાને) [ઉપર પ્રમાણે રાહ.]

જો ડરશે નહી પરણી સાથે તારી,
લગ્ન આજે કરી આપીશ ફરી.
હશે જેની સાથે ખરી એની પ્રીત,
પર્ણાવીશ હું તેની સાથે ખચીત.

(સીપાઇ દાસી

વીરમદે રાજા—(દાસીને)

[મોરી ગઇઆ લચક લચક ચલત મોહન આવે—એ રાહ.]

સયાણી દાસી સાચુ બોલંતા, સુખણી તું તો થાય.—ટેક.
બીક રાખંતાં, ખોટું ભાખંતા જીવ તારો જાય.—દાસી.
કોણ પરણી રૂપાસાને કહી દે ને મુજ પાશ.—દાસી.

દાસી—[સાડેતીન પઇસે શેર મછલી ના બેચુંગી—એ રાહ.]

રાજા વાત કહું છું સાચી, પરણ્યો સાથ મારી એ,
પરણ્યો સાથ મારી એ, પરણ્યો સાથ મારી એ.—ટેક.
લગ્ન તો મારાં થયા આ રૂપાસાની સાથ;
ચોરી ફેરા ચાર ફર્યાં છે, મેલવી મુજસું હાથ—રાજા.
સાવલીંગાએ સાથે વરવા, કરતી 'તી નીજ ઘાત;
જીવ બચાવવા બાઇ તણો, મુજ બદલે દીધો હાથ.—રાજા.

રાજા—બોલ એ રૂપાસા, તને પુછું ખરેખાત;
પરણ્યો છે તું આની સાથે, કે નહી કેહે તે વાત.

દાસી—રાજા વાત કહું છું સાચી, પરણ્યો સાથ મારી એ.

રૂપાસા—લગ્ન ક્રીયા કરતી વખતે, ખબર પડે તે કેમ;
ઘુંઘટ તાણી પડખે બેસે, કેમ પડે નજરે.

દાસી—રાજા વાત કહું છું સાચી, પરણ્યો સાથ મારી એ.
'નરી મારી થઇ ચુકી, તું પરણ્યો દાસી સાથ;
મીની સાથે, સાવલીંગા નહી મળે.
છું સાચી, પરણ્યો સાથ મારી એ.
જઇને સાવલીંગાને તેડી લાવ;
મારે હાથે, આજ સદેવંતને.

દાસી—રાજા, ખુશી થઇ હું બહુ, આભાર થઇ એની કૃતે.

(પ્રધાન તથા સદેવંત આવે છે.)

રૂપાસા—(સદેવંતને) [તુજે કે શોખ મીલનેકા—એ રાહ.]

આભાર નહી મુજને તારો, કે છે એ તુજ તણી પ્યારી,
અજાણે દુઃખ સહ્યું છે જે, ક્ષમા તેની મને કરજે.

(દાસી આવી છે.)

સદેવંત—મેહેનત લઇ દાસીએ ભારી, બચાવી મુજ તણી પ્યારી,
તેથી માની તું મારી વાત, પત્ની જાણીને દેજે હાથ.

(રૂપાસા અને દાસીનો હસ્તમેળાપ કરાવે છે; સાવલીંગા આવે છે, અને આનંદથી સદેવંતને ભેટે છે.)

સદેવંત— [બણીઆં બેસી મત બોલો—એ રાહ.]

તું મારી પ્યારી હવે થઇ મારી, તુજરે વીયોગે સહ્યું દુઃખ ભારી.-ટેક.
જોગીને વેશ કર્યો હું જંગલમાં, સહ્યું સંકટ મેં રે ઘણું ત્યાં.-તું.

સાવલીંગા—થયેલી વાલમ વાત સર્વે વીસારી,
પ્રીતેથી મુજને કરી રાખ તારી.—તું મારી.

વીરમદે રાજા.—(સદેવંતને સાવલીંગા સાથે હસ્તમેળાપ કરાવીને.)

[અરે લાલદેવ એ તુજ ક્યા હુવા—એ રાહ.]

ખુશીથી કરી આપું છું હું લગન, કરો મોજ નીર્ભે થઇ મન મગ્ન.
પ્રભુ જોડું રાખે તમારૂં અમર, કરો રાજ નીતીથી પૃથ્વી ઉપર.
જુલમ કોઇપર નવ કરવો કદાય, દુખીયા તણી સહાય કરવી સદાય

સાવલીંગા—(સદેવંતને)

[ઘરસે યા કોન ખોદાકે લીએ લાલા મુજકો—

મનમોહન કેવા બુરા તારા હાલ આ,
અગાઉ હતો તેથી થયો તું બેહાલ આ.

એવો બળાપો કીધો કેમ કારણ મારી તેં,
ઘડી એક મનથી ન તારી પ્રીયા વીસારી તેં.
હવે કર જોડી પ્રભુનો ઉપકાર માનું હું,
અંતે તેની કૃપાથી તુજને પ્યારા પામી હું.

સદેવંત— ખરા અંતઃકરણથી કહું છું પ્યારી વાત આ,
ચાલો સર્વે મળી કરીએ પ્રભુની પ્રાર્થના.

સદેવંત અને સાવલીંગા.—(ઇશ્વર-પ્રાર્થના.)

[છંદ ગોરી તારે આંઢણે મેવાડોરે મલીન—એ રાહ.]

કરીયે પ્રભુજી પ્રાર્થના કે નામી તુજને શીશ.—ટેક.
દયા સીંધુ દીન બંધુ ભકતનો દાતાર,
સાચે મને સેવે તેને, ઉતારે ભવ પારરે.—કરીયે.
ધ્યાન ધરે ભક્તિ કરે, ઇચ્છાથી મન માય,
જેવી જેની તેવી તેની, પુર્ણ કરે તું ત્યાંયરે.—કરીયે.
મહીમા તારો સચ્ચીદાનંદ, જીભે કહ્યો ન જાય,
મુજ અલ્પ મતીથી તારા, ગુણ કેમ ગવાયરે.—કરીયે.
તું માયાળુ, તું દયાળુ, તુજ કળા અપાર,
પાપીને તું દંડ કરે છે, ધરમીનો દાતારરે.—કરીયે.
વીયોગી પ્રીતમ પ્યારીનો, થયો છે મેલાપ,
સંકટ સહીને અંતે માળ્યા, એ તારો પ્રતાપરે.—કરીયે.

સમાપ્ત

	રૂ.	આ.
ડિશ ા કોંગો	૦	૧૦
કન મીક્ષ્ચર	૦	૧૦
આઈ કાપી દરેલી	૦	૧૦

તે શિવાય દરેક જાતની ચાહમાં વાપરવાની ખાંડ, કાપી, બસ્કુચોખા, ટાપીઓકા, આરારૂટ, કોરન ફલાવર, કોકો, મુરબ્બા, ગુલબતી, સાબુ, શીગાર, ચીરૂટ, અમેરીકન તંબાકુ, બરકાઈ, ટર-નબાકુ, ઇત્યાદિ દરેક જાતનો માલ ખાત્રી ભરેલો સસ્તે ભાવે મળશે. એક વાર લઈ જવાથીજ ખાત્રી થશે.

રેહવાર તરફી તંબાકુની શીગારેટ (કાગળની બીડીઓ)

શો શો નાં બાકશ નીચે લખેલા ભાવે મળશે.

ફીશમીક્ષ્ચર શીગારેટ્સ (કાગળની બીડીઓ) ...	૩	૦
હેલન	૨	૮
રોયલ	૨	૦
પ્રીન્સ	૧	૧૨
ગુલનાર	૧	૮
જેશમીન	૧	૪
બીન	૧	૦
... ...	૦	૧૪

દામોદર રતનશી,

ચીનાઈ અને હિંદુસ્થાની ચાહ વેચનાર.

જનવાડી પાસે નં. ૨૭, મુંબઈ.

આ ચોપડીઓ નિચે લખેલે ઠેકાણેથી મળશે.

	રૂ.	આ.	પા.
વીરસિંહ ચંદ્રિકાનાં ગાયનો	૦	૧	૦
સીતાહરણ નાટકમાંના ગાયનો	૦	૧	૦
ઓખાહરણનો ગાયનરૂપી ઓપેરા	૦	૧	૦
કામસેન અને રસીકા નાટકમાંના ગાયનો ...	૦	૧	
રૂકમીણીહરણનો ઓપેરા	૦	૧	
વીરમતી નાટકનાં ગાયનો	૦	૧	
સદેવંત સાવલીંગાનો ઓપેરા	૦	૧	
મદાલસાનો ઓપેરા	૦	૧	૬
શીરીન ફરહાદનો ઓપેરા	૦	૪	૦
કામસેન રસિકા નાટક...	૦	૮	૦
ઇબરતે અન્જુન યાને ફરેબે સૈતાન	૦	૩	૦
સદેવંત સાવલીંગાનો ઉર્દુ ઓપેરા.	૦	૨	૦

કાલકાદેવી—ઇશ્વરદાસ લાયબ્રેરીમાંથી તથા શેરયારજી હોરમજજીની દુકાનેથી.

ગણેશવાડીને નાકે—બાળકૃષ્ણ લક્ષ્મણ બુકસેલર પાસેથી.

સુરત નાણાંવટમાં—મનચેરજી જમસેદજી પોસ્ટવાળાપાસેથી.

ભાવનગરમાં—શા. પાનાચંદ તેજા બુકસેલરની દુ...

દેશાવરથી વેચવા માટે મંગાવનારને પોગેજ...

ઠા

કાલકાદેવીને રસ્તે મહાજનવા.